# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૨૪/૧૦/૨૦૧૬ થી તા.૩૦/૧૦/૨૦૧૬)

# એલ.સી.બી. ખેડા-નડીયાદ

**પ્રેસ નોટ તા. ૨૬/૧૦/૨૦૧૬**

**વિદેશી દારૂની હેરાફેરી કરતી એસેન્ટ ગાડીને ઝડપી પાડતી ખેડા જીલ્લા એલ.સી.બી પોલીસ**

આગામી દિવસોમા દિવાળી નો તહેવાર આવતો હોય જેથી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સબંધે પોલીસ અધિક્ષક શ્રી.મનિન્દર પ્રતાપ સિંહ પવાર નાઓએ જીલ્લામાં બનતા મિલકત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ પ્રોહી જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા અધિકારીઓને જરૂરી તકેદારી રાખવા જણાવેલ હોય જેથી એલ.સી.બી પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.જે.રાઠોડ નાઓની સુચના મુજબ સ્ટાફના હેડકો. રતેસિહ, પો.કો. વિનોદકુમાર, પો.કો. ચિંતનકુમાર, પો.કો. ફિરોજખાન નાઓ વડોદરા - અમદાવાદ એક્સપ્રેસ વે રોડ ઉપર નડીયાદથી અમદાવાદ તરફના વન વે રોડ ઉપર મિલકત વિરૂદ્ધના ગુના સબંધે પેટ્રોલીંગમા હતા દરમ્યાન વાઠવાડી ગામની સીમમા આવેલ એક્સપ્રેસ વે ઓવરબ્રીજ નં. ૮ અને ૯ ની વચ્ચે એક અલ્ટો ગાડી જે પોતાની સાઇડે અમદાવાદ તરફ જતી હતી. તેને રિલાયન્સ પેટ્રોલપંપ તરફથી રોંગ સાઇડે નડીયાદ તરફ એક કાળા કલરની એસેન્ટ ગાડી નં. જી.જે.૧ કે.ડી. ૦૧૨૦ ની પુર ઝડપે આવી અલ્ટો ગાડી સાથે અથડાવી અલ્ટો ગાડીના ચાલક તથા અંદર બેઠેલ અન્ય એક ઇસમને ઇજા પહોચાડી એસેન્ટ ગાડીનો ચાલક પોતાની ગાડી મુકી અંધારાનો લાભ લઇ નાસી ગયેલ. સદર એસેન્ટ ગાડીની પાછળની સીટ તથા ડેકીમાંથી પરપ્રાન્તના દારૂની બોટલ નંગ ૯૬ કિ.રૂ. ૩૮,૪૦૦/- તથા ગાડી કિ.રૂ. ૨,૦૦,૦૦૦/- મળી કુલ કિં રૂ.૨,૩૮,૪૦૦/- નો મુદ્દામાલ મળી આવતા નાસી ગયેલ ગાડીના ચાલક વિરૂદ્ધ પો.કો. વિનોદકુમાર નાઓએ ફરીયાદ આપતા મહેમદાવાદ પો.સ્ટે. ખાતે પ્રોહિબિશન ધારા હેઠળનો ગુનો રજી. કરાવેલ. આગળની વધુ તપાસ હેડ.કો રતેસિહ એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.

## રૂ.૭,૭૫,૨૦૦/-ની મતાના વિદેશી દારૂ ભરેલ અર્ટીગા ગાડીને બિનવારસી મુકી ભાગીજનાર ઇસમને રાજસ્થાન ખાતેથી ઝડપી પાડતી એલ.સી.બી.ખેડા નડીયાદ પોલીસ

## પ્રેસનોટ તા.૨૦/૧૦/૨૦૧૬

ગત તા.૨૧/૦૮/૨૦૧૬ ના રોજ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે વડોદરા અમદાવાદ એકસપ્રેસ વે ઉપર વડોદરા તરફથી આવતી એક સીલ્વર કલરની મારૂતી અર્ટીગા ગાડી નં. જીજે ૧૮ બીબી ૫૭૮૬ ના ચાલકને પોલીસ દ્વારા ઉભા રહેવા સંકેત કરતા તેણે પોતાની કાર ઉભી રાખેલ નહી અને અમદાવાદ તરફ હંકારતા તેનો ખાનગી કારથી પીછો કરતા તેણે આગળ જઇ અમદાવાદ તરફ રોડની સાઇડમા કાર ઉભી રાખી ગાડીને બંધ કરી રોડની સાઇડમા આવેલ બાવળની ઝાડીમા અંધારાનો લાભ લઇ ભાગી ગયેલો. સદર ગાડીમા રૂ. ૧,૭૫,૨૦૦/-ની મતાના વિદેશી દારૂની નાની મોટી બોટલો તથા બિયરના ટીનનો જથ્થો મળી આવતા ગાડી સહિત કુલ્લે રૂ. ૭,૭૫,૨૦૦/-ની મતાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ.

બાદ આ કામે તપાસ દરમ્યાન ઉપરોક્ત અર્ટીગા ગાડીનો ચાલક આરોપી પ્રકાશચંદ સ/ઓ હીરાલાલ દેવાજી ડાંગી (પટેલ) રહે. મુળ.ગામ નાંદવેલ નવાકુવા તા. માવલી જી.ઉદેપુર રાજસ્થાન નાઓ પોતે ઉપરોક્ત નંબરવાળી મારૂતી અર્ટીગા ગાડીના માલીક તેમજ ચાલક હોય અને સદરહુ પ્રોહી મુદ્દામાલ ભરેલ ગાડી પોતે મુકી નાસી ગયેલ હોય તેઓને આજરોજ રાજસ્થાન ખાતેથી પકડી અટક કરવામાં આવેલ છે.



# <u>વસો પોલીસ સ્ટેશન</u>

## <u>ચોરીના-૬ મોટર સાયકલ સાથે એક ઇસમને પકડી પાડતી વસો પોલીસ સ્ટેશન</u>

જીલ્લામાં બનતા વાહન ચોરીના ગુના અટકાવવા તેમજ વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા અંગે શ્રી મનીન્દર પ્રતાપસીંગ પવાર પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ નાઓએ આપેલ સુચનાઓ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી એચ.એ રાઠોડ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વસો પો.સ્ટેના અ.હેડકો બિપીનભાઇ રતીલાલ તથા અ.હેડકો ઇમ્તીયાજમીયાં કાસમમીયાં બ.નં.૧૬૭૫ તથા અ.પો.કો રાકેશકુમાર ચુનીલાલ બ.નં. નાઓ તા.૧૯/૧૦/૨૦૧૬ ના રોજ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમીદારથી બાતમી મળતાં વસો અલીન્દ્ર ચોકડ ઉપર થી વસો પો.સ્ટે ફ.ગુ.ર.નં.૫૧/૧૬ ઇ.પીકો કલમ.૩૭૯ મુજબના કામે ચોરીમાં ગયેલ હોન્ડા એક્ટીવા સાથે આરોપી મનુભાઇ છગનભાઇ ગોહેલ રહે.મલિયાતજ, તા.વસો, જી.ખેડા નાઓને પકડી અટક કરી ચોરીમાં ગયેલ હોન્ડા એક્ટીવા કબજે કરેલ સદર ગુનાની તપાસ દરમ્યાન પો.સ.ઇ શ્રી કે.આર.વ્યા નાઓએ આરોપીના રીમાન્ડ મેળવી પોતાની આગવી સૂઝબુઝથી આરોપીને સઘન પુછપરછ કરતાં આરોપીએ સદર ગુના સિવાય વસો પો.સ્ટે વિસ્તારમાંથી બે ચોરીના વાહનોની કબુલાત કરતાં વસો પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૭/૧૬ તથા ફ.ગુ.ર.નં.૫૩/૧૬ મુજબના ગુના ડીટેક્ટ થયેલ છે. તેમજ આરોપીની વધુ પુછપરછ કરતાં આરોપીએ નડીયાદ શહેર વિસ્તારમાંથી પણ ત્રણ મોટર સાયકલની ચોરી કરેલ હોવાની કબુલાત કરતાં આરોપી પાસેથી કુલ-૬ વાહનો તપાસ અર્થે કબજે કરેલ છે.

જીજે.૦૬ એચ.ડી.૦૨૮૮ મારૂતીવાન ૧૦૦



# આતરસુંબા પોલીસ સ્ટેશન

## પીયાગો રીક્ષા ચોરી કરી રીક્ષાના સ્પેર પાર્ટ છુટા પાડનાર  આરોપી/મુદ્દામાલ ઝડપી પાડી ચોરનો પર્દા ફાસ કરતી આતરસુંબા પોલીસ

પોલીસ અધિક્ષક શ્રી. મનીન્દર પરતાપસિંહ પવાર સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી. વાય.જે.જાડેજા સાહેબ નાઓ તરફથી મિલકત વિરૂધ્ધના ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સુચના કરેલ જે સાહેબ શ્રી ની સુચના અનુંસાર પો.સ.ઇ શ્રી. જે.આર.પટેલ તથા પો.કો. સુરેશસિંહ વિગેરે માણસો પેટ્રોલીંગ દરમ્યાન પો.કો. સુરેશસિંહ ને બાતમી મળેલ કે એક આરોપી કનુસિંહ બાલુસિંહ સોલંકી રહે.ધોળાકુવા ચાંપાનેર વિસ્તાર તા.કપડવંજ નાએ બાયડ તરફ એક પિયાગો રીક્ષા ચોરી કરી રીક્ષાના સ્પેર પાર્ટ છુટા પાડી સંતાડી દીધેલ છે. જે બાતમી આધારે આરોપી કનુસિંહ ને શોધી કાઢી આરોપીને પુંછપરછ કરી રીક્ષાના છુટા પાડેલ સ્પેર પાર્ટ ભંગાર હાલતનો રૂ.૨૫,૬૦૦/- નો મુદ્દામાલ શોધી કાઢી સી.આર.પી.સી.૪૧(૧)ડી મુજબ કબજે કરેલ છે.અને આરોપીએ આ  રિક્ષાની ચોરી બાયડ ચોઇલાથી પિયાગો રિક્ષાની ચોરી કરેલાનું કબુલ કરેલ છે. જે બાયડ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૪/૧૬ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ નો ગુનો આતરસુંબા પોલીસ દ્વારા શોધી કાઢેલ છે.


આતરસુંબા પોલીસ સ્ટેશન